# અફઝલ ગુરુને ફાંસી વિષે પાકિસ્તાની સંસદના ઠરાવને વખોડી કાઢવા માગણી

**વિપક્ષી નેતા (શ્રી અરુણ જેટલી):** સાહેબ, મને બોલવાની તક આપવા બદલ આપનો આભારી છું. પાકિસ્તાનના એક ગંભીર ઘટનાક્રમ પ્રત્યે આપનું ધ્યાન ખેંચવા ઈચ્છું છું. ભારતીય સંસદ પર થયેલા હુમલાના દોષિત અફઝલ ગુરુને અપાયેલી ફાંસીને  વખોડી કાઢતા પાકિસ્તાની સંસદના ઠરાવનો આ મુદ્દો છે. પાકિસ્તાનનાં રાજકારણમાંથી આવેલું આ સત્તાવાર નિવેદન છે. અત્યાર સુધી પાકિસ્તાની સૈન્ય, ગુપ્તચર એજન્સી અઈએસસાઈના નિવેદનો આપણને આશ્ચર્ય પમાડતા હતા, પણ પાકિસ્તાનનો ઠરાવ ભારત પરના સૌથી ખરાબ આતંકવાદી હુમલાને સમર્થન પર મંજુરીની મહોર છે.

અત્યાર સુધી આપણે કહેતા રહ્યા છીએ કે ભારતીય સંસદ પર હુમલાનું ષડયંત્ર સરહદ પારથી ઘડવામાં આવ્યું હતું. તે બાબતે પુરાવા પણ મોજુદ છે. ભારતીય સંસદ પર થયેલા હુમલાના દોષિત અફઝલ ગુરુને અપાયેલી ફાંસીને વખોડી કાઢતા પાકિસ્તાની સંસદના ઠરાવ આપણી વાતને સજ્જડ સમર્થન આપે છે. આપણા સૈનિકોનો શિરચ્છેદ, હૈદ્રાબાદમાં બોમ્બધડાકા અને પછી શ્રીનગરમાં સીઆરપીએફ કેમ્પ પર હુમલો તે ઠરાવને અને પાકિસ્તાનના બદીરાળાને છતા કરે છે. સરકારે હવે આવી પરિસ્થિતિમાં પાકિસ્તાન સાથે કેવો વર્તાવ કરવો તે ગંભીરપણે વિચારવું જોઈએ. ભૂતકાળમાં વડાપ્રધાન કહી ગયા છે કે આપણે મૈત્રી માટે એક ડગલું આગળ વધવા તૈયાર છીએ.

પાકિસ્તાનનાં આવા ઉશ્કેરણીજનક કૃત્યો પછી આપણે કેવી રીતે મૈત્રીનો હાથ લંબાવી શકીએ... પાકિસ્તાન મૈત્રીને લાયક જ નથી. ઠરાવની વાત કરીએ તો જે દેશ આપણા પર આતંકવાદી હુમલાઓને ટેકો જાહેર કરે તેની સાથે વાટાઘાટો કેવી રીતે કરી શકાય... હું માનું છું કે હવે આપણે પાકિસ્તાન સાથે મંત્રણા બંધ કરી દેવી જોઈએ. આપણે બંને દેશો વચ્ચે સંબંધો સદભાવપૂર્ણ બને એમ ઈચ્છીએ છીએ ત્યારે પાકિસ્તાન આવા ઠરાવ કરે છે. તેવા સંજોગોમાં સંબંધો સામાન્ય થવાનું શક્ય જ નથી. આપણો દેશ ગંભીર પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે.

હું માનું છું કે આપણે વિદેશ નીતિ બાબતે ચર્ચા કરવાની ગંભીર આવશ્યકતા છે. નહીતર ભારતીયોને આંતરરાષ્ટ્રીય સ્તરે ફટકાર પડતી રહેશે. આપણી વિદેશ નીતિમાં જ કઈક ખોટું છે. વડાપ્રધાન અને વિદેશ પ્રધાને આ બાબતે ગૃહમાં નિવેદન આપીને તે અંગે સવિસ્તાર ચર્ચા કરવી જોઈએ.